**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૦.૬ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૫૨ ટકા

# હરણફાળ વિકાસમાં સાચ્ચા પર્યાવરણ પ્રેમી

અમદાવાદમાં આશ્રમરોડ પર ગુજરાત વિદ્યાપીઠની બાજુમાં નજીક જ 'ભારતીય સમુદાય શિક્ષણ સંઘ' નામે શૈ.સંસ્થા આવેલ છે. આ સંસ્થા શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓ કરે છે. આ સંસ્થાની સ્થાપના ગુજરાત વિદ્યાપીઠના પૂર્વકુલપતિ રામલાલ પરીખે કરેલ, આજે વર્તમાનમાં તેમના દીકરી ડૉ. મંદાબેન પરીખ આ સંસ્થાના ટ્રસ્ટી છે.અહી કેમ્પસમાં પાછળના ભાગે વર્ષો જુના લીમડો, આસોપાલવ ને અન્ય વૃક્ષો પણ છે. અહી સંસ્થાના મકાનની પાછળ ઉનાળાની ગરમી તથા ચોમાસામાં વરસાદથી બચવા શેડ અને એક રૂમનું રસોડું પણ બનાવેલ છે. અહી સૌને આખે વળગે તેવી એક બાબત એ છે કે આ શેડ તથા બાજુનું રસોડુ બનાવવા વૃક્ષનુ થડ કે વૃક્ષ કાપ્યા વગર આ બનાવેલ છે. ભૌતિક સગવડ માટે વિકાસ તો કર્યો, પણ સાચ્ચા પર્યાવરણ પ્રેમી બનીને. વૃક્ષના થડની ફરતે વ્યવસ્થિત રીતે શેડમાંથી પાણી પણ પડે નહિ ને વૃક્ષ પણ કપાય નહિ તેમ શેડ





બનાવ્યો. એ જ પ્રમાણે રસોડામાં પણ વૃક્ષ એમ જ અકબંધ છે ને ધાબુ ભરેલ છે. એક વૃક્ષના મહત્વથી આપણે સૌ વાકેફ છીએ.

આમ, અનેક વૃક્ષ બચાવી લઈ આ સંસ્થાએ 'સાચ્ચા પર્યાવરણપ્રેમી'નું આગામી પેઢીને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ છે. આજુ-બાજુના સૌ લોકો વૃક્ષના લાભ પણ મેળવે છે. શેડ નીચેથી તથા રૂમમાં જઈ આ દ્રશ્ય જુએ તેને જ 'નિજાનંદ' મળે.

આ દ્રશ્ય જોઈ આપણે બધાએ એ શીખ લેવી જોઈએ કે હવે આપણે વિકાસ તો કરીશું, પણ વૃક્ષના ભોગે નહિ, તેને સાચવીશું. વૃક્ષના સ્થાન જેટલો ભાગ અલગ રીતે રક્ષિત કરીને, પછી ભલેને ભૌતિક વિકાસ કરવામાં હજારો કે લાખો રૂપિયાનું નુકશાન જ કેમ ના થાય.

પૃથ્વી હશે,પર્યાવરણ હશે તો ભૌતિક સુખ-સગવડ માટેના ઘર તો અનેક બનાવી શકીશું, પણ પર્યાવરણના ભોગે જો આપણે આપણું ઘર કે ભૌતિક વિકાસ કરવા ગયા તો એક દિવસ પર્યાવરણ ગુમાવી દેવાનો વારો ચોક્કસ આવશે. તો ચાલો આપણે સૌ આજના 'વિશ્વ પર્યાવરણ દિવસે' સૌ સંકલ્પ કરીએ કે 'વૃક્ષ બચાવીશું, પર્યાવરણ અને પૃથ્વી બચાવીશું' અને હા.... સાથે-સાથે સૌ એક વૃક્ષનું મહત્વ સમજી નવો છોડ વાવી તેને ઉછેરીશું.

# ઔદિચ્ય આચાર્ય બ્રહ્મ સમાજનું અધિવેશન ગાંધીનગરમાં યોજાયું



ગાંધીનગર, તા.૪

શ્રી ઔદીચ્ય આચાર્ય બ્રહ્મ સમાજનું જનરલ અધિવેશન અને સ્નેહ મિલન કાર્યક્રમ રવિવારના રોજ શ્રી ઉમિયા માતાનો હોલ, સેક્ટર-૧૨ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતનાં મોટીવેશનલ સ્પીકર સંજયભાઈ રાવલ, ગાંધીનગરના ધારાસભ્ય રીટાબેન પટેલ, સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ નરેશભાઈ દવે, ગાંધીનગર મહાનગર પાલિકાના કોર્પોરેટર ગૌરાંગભાઈ વ્યાસ તેમજ ગાંધીનગરના આજુબાજુ વિસ્તારમાંથી મોટી સંખ્યામાં બ્રહ્મ બંધુઓ પધાર્યા હતા. આ કાર્યક્રમમાં સમાજના બાળકોને નોટબૂકનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આખા કાર્યક્રમનું સંચાલન આચાર્ય બ્રહ્મ સમાજના પ્રમુખ હિતેન્દ્રભાઈ ત્રિવેદી, મંત્રી બટુકભાઈ જોશી કારોબારી સભ્યો વિશાલભાઈ જોશી, લલિતભાઈ જોશી, સુરેશભાઈ પંડ્યા, કિશોરભાઈ પંડ્યા સૌએ સંચાલન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.


## જન્મદિને વધામણી



હરીશ ત્રિવેદી
(ટેક્સ એડવોકેટ)



આત્મારામ ખત્રી
મો. ૯૭૩૭૧ ૨૪૨૩૪



ખ્યાતિ ભટ્ટ



સુરેશભાઈ કચરાભાઈ પારેખ
મો. ૮૦૦૦૯૫૭૪૬૨



ગોવિંદભાઈ કા વાળંદ
મો. ૯૪૨૭૦૨૬૭૩૦

# રેડિયન્ટ સ્કુલમાં શિક્ષક-પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરાયું



ગાંધીનગર, તા.૪

શિક્ષક બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ ત્યારે જ આપી શકે જયારે તે પોતે આજીવન વિદ્યાર્થી બનીને કાર્ય કરતો રહીને શિક્ષણની પ્રક્રિયામાં જોડાયેલ રહે. સદર પંક્તિને ખરા અર્થમાં ફલિતાર્થ કરવાની દિશામાં રેડિયન્ટ સ્કુલ, સરગાસણના શાળા મેનેજમેન્ટ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ની શરુઆત પૂર્વે તા.૨૯ મે થી તા.૨ જુન સુધી શાળાના અંગ્રેજી તેમજ ગુજરાતી બન્ને માધ્યમના શિક્ષકો માટે શિક્ષક-પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં શિક્ષણ ક્ષેત્રના તજજ્ઞ, શિક્ષણવિદોના સેસન્સ ગોઠવવામાં આવ્યા હતા. શિક્ષક તરીકે પોતાની જાતને સતત અપડેટ રાખવી, વર્ગને ખરા અર્થમાં સ્વર્ગ બનાવવાનું, વિદ્યાર્થીઓમાં રહેલ આંતરિક શક્તિઓને બહાર લાવી તેને ખીલવવાની તકો પુરી પાડવા એને યોગ્ય માર્ગદર્શન આપવું વગેરે બાબતો શીખવવા કરતાં તેને જાતે શીખતો કરવો એ માટે એને સતત પ્રોત્સાહન આપી એને યોગ્ય માર્ગદર્શન પુરુ પાડવું જેવી બાબતો આ શિબિરના કેન્દ્રબિંદુમાં રહી, અભ્યાસની સાથે સાથે વિદાર્થીઓમાં માનવીય મુલ્યો કેળવાય, તેમનામાં પારિવારિક ભાવના ઉજાગર થાય, સંસ્કારોનું સિંચન થાય એ દિશામાં આગળ વધી શિક્ષણ કાર્ય કરવા માટે તમામ શિક્ષક મિત્રોને તાલીમ આપવામાં આવી હતી.

સત્રની શરૂઆત પહેલા, વેકેશનના સમયગાળામાં જ ચાલેલ પાંચ દિવસની આ શિબિરમાં તમામ શિક્ષકો જોડાયા હતા અને એમાંથી શીખ્યા હતા. જાણ્યા અનો સમજયા હતા. સંસ્થાના પ્રમુખ પી.એમ.વામજા અને આચાર્ય જે.બી.વામજાએ તાલીમમાં જોડાવવા બદલ શિક્ષકોનો આભાર માન્યો હતો અને બાળકોના સર્વાંગી વિકાસની દિશામાં શિક્ષણ કાર્ય કરતા રહેવા માટે તમામ શિક્ષકોને અપીલ કરી હતી.

# નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે વિશ્વ પર્યાવરણ દિન ઉજવાયો





ગાંધીનગર, તા.૪

મિશન લાઈફ તથા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી અંતર્ગત ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી ગાંધીનગર, ગીર ફાઉન્ડેશન, ઈ-કોલી વેસ્ટ પ્રાઈવેટ લીમીટેડ અમદાવાદ અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર ખાતે ચિત્ર સ્પર્ધા તથા ઈ-વેસ્ટ કલેક્શન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જીપીસીબીના આર.ઓ સંજય માલસત્તાર, ગીર ફાઉન્ડેશનમાંથી આલાપ પંડિત, ઈકોલી વેસ્ટ મેનેજમેન્ટના દીપેશ પટેલ, નરેશ ઠાકર, ઉદ્યોગપતિ એચ.એમ.પટેલ, કોર્પોરેટર પદમસિહ ચોહાણ, કોર્પોરેટર હેમાબેન ભટ્ટ, કોર્પોરેટર કિંજલકુમાર પટેલ, અનિલ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ચિત્ર સ્પર્ધામાં જુનિયર અને સિનીયર કેટેગરીના વિજેતા વિદ્યાર્થીઓને અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને જી.પી.સી.બી તથા ઈ-કોલી તરફથી ઈનામ અને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. કેટેગરી-૧માં પ્રથમ જલધિ પરીખ, દ્વિતીય રાધિકા જોશી અને તૃતીય ઋજુ શાહ વિજેતા બન્યા હતા તેમજ કેટેગરી-૨ માં પ્રથમ પટેલ પરી, દ્વિતીય હાર્દી વી સોની અને તૃતીય ક્રમાંકે સિદ્ધિ સિંગ વિજેતા બન્યા હતા. ગાંધીનગરની પ્રસિદ્ધ પ્રબુદ્ધ જનતા દ્વારા જમા કરાવવામાં આવેલ ઈ-વેસ્ટ વાનને મહેમાનોના હસ્તે લીલી જંડી ફરકાવી રવાના કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન હાર્દિક ભટ્ટ, શિવાંગ પટેલ, હાર્દિક મકવાણા, આકાશ ગોહિલ અને યશ બોરીશા દ્વારા કરવામાં આવ્યું હતું.



માનવસેવા મંડળ તરફથી અંતરેશ્વર મહાદેવ ઉવારસદ ખાતે નિરાધાર કુટુંબોને કરિયાણાની ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં કરવામાં આવ્યું હતું.



સેક્ટર ૩ સી ખાતે આનંદનો ગરબો યોજાયો હતો. જેમાંઆનંદના ગરબા ગાઈને બહેનોએ ભક્તિમય માહોલ બનાવ્યો હતો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.સૈની અમિત સુરેશકુમાર ઉ.વ.૨૭, હરીયાણા
- સ્વ.પ્રજાપતિ પ્રહલાદભાઈ શિવરામ ઉ.વ.૭૭, તારાપુર
- સ્વ.ઠાકોર વજુબેન રામસંગજી ઉ.વ.૬૭, ચાંદીસણા, માણસા
- સ્વ.બિહોલા છગનજી લક્ષ્મણજી ઉ.વ.૬૪, પેથાપુર

# પ્લાસ્ટિક વેસ્ટમાંથી બેસ્ટ પ્રોડક્ટ બનાવીને પર્યાવરણના જતનમાં ઉપયોગી બનતાં બે યુવાનો..!!

**પર્યાવરણને બચાવવા ગાંધીનગરના યુવા સાહસિકો દર મહિને ૮૦૦કિલોથી વધુ પ્લાસ્ટિક વેસ્ટમાંથી વિવિધ ઉપયોગી ઉત્પાદનો બનાવીને મહાનગરપાલિકાને મદદરૂપ થઇ રહ્યાં છે : રાજ્યના ત્રણેક એસઆરપી યુનિટ પણ તેમની પ્લાસ્ટિક વેસ્ટને રીસાયકલ કરવાની સેવા લઇ રહ્યાં છે.**




ગાંધીનગર, તા.૦૪

ફરી એકવાર દેશભરમાં તા.૫મી જુને "વિશ્વ પર્યાવરણ દિવસ"ની ભારે જોરશોર અને ઝાકમઝોળ ઉજવણી કરાશે જેમાં સરકારી તંત્ર દ્વારા વૃક્ષારોપણના મોટા મોટા કાર્યક્રમો આયોજિત કરાયાં છે અને રોપાંઓના વાવેતરના મોટા મોટા આંકડાથી આંજી દેનારા મસમોટા દાવા કરાશે. સોશિયલ મિડીયા પર નાગરિકો વૃક્ષોના મહત્વ દર્શાવતી પોસ્ટ અપલોડ કરશે અને સ્ટેટ્સ સ્ટોરીઓમાં પણ "હરિયાળી" છવાઈ જશે. જોકે આ બધુ કેટલેક અંશે જરૂરી પણ છે પરંતુ પર્યાવરણના સાચા જતન માટે સામુહિક તેમન વ્યક્તિગત રીતે ગંભીરતા આવવી જોઈએ તે પણ એટલું જ મહત્વનું છે. અત્યારે પર્યાવરણ સામે સૌથી મોટો ખતરો પ્લાસ્ટિકના વપરાશનો છે જે મોટે ભાગે બાયોડિગ્રેડેબલ હોવાથી પ્લાસ્ટિકનો કચરો પૃથ્વીને અત્યંત ચિંતાજનક રીતે નુકસાન કરી રહ્યો છે. પ્લાસ્ટિકના કચરાને અટકાવવો હાલના તબક્કે તો અશક્ય જણાતી બાબત છે પરંતુ તેને રીસાયકલ કરવાથી કેટલેક અંશે પ્રકૃતિને થતું નુકસાન ઓછું કરી શકાય છે. ગાંધીનગરના બે મિકેનિકલ એન્જિનિયરિંગ ભણેલાં યુવાનોએ પાટનગરની સુપ્રસિદ્ધ અંબાપુર વાવ ખાતે એક સ્વચ્છતા અભિયાન દરમ્યાન એકઠો થયેલો પ્લાસ્ટિક કચરો નિહાળીને સ્તબ્ધ થવાં સાથે પ્લાસ્ટિક વેસ્ટને રીસાયકલ કરીને તેનો પુનઃઉપયોગ થાય તે માટે એક સ્ટાર્ટઅપ ઉભું કરી દીધું અને આજે તેમનું આ સાહસ પાટનગરના દર મહિને આશરે ૮૦૦કિલોથી વધુના પ્લાસ્ટિક વેસ્ટમાંથી "બેસ્ટ" કહી શકાય તેવી પ્રોડક્ટ બનાવીને શહેરને પ્લાસ્ટિકના પ્રદૂષણથી બચાવવામાં ઉપયોગી બની રહ્યાં છે.



ગત વર્ષે ગાંધીનગર મહાનગરપાલિકા અને બાયો ફિક્સના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૨૨ રંગમંચ ખાતે "ફીટ્સ ઓન સ્ટ્રીટ અ ગ્રીન કાર્નિવલ"નું આયોજન કરવામાં આવ્યું હતું. "ફીટસ ઓન સ્ટ્રીટ" ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અને સસ્ટેનેબલ લાઈફ સ્ટાઈલ અંગે જનજાગૃતિ માટેની પ્રભાવશાળી ઈવેન્ટ હતી જેમાં ગાંધીનગરના બે વિદ્યાર્થીઓએ પ્લાસ્ટિક વેસ્ટમાંથી બનાવેલી વિવિધ ચીજવસ્તુઓના સ્ટોલે આકર્ષણ જમાવ્યું હતું. આ વર્ષે પણ મનો દ્વારા યોજાયેલા "ગર્જના" ઉત્સવમાં તેમણે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ગાંધીનગરની એલડીઆરપી કોલેજમાંથી અભ્યાસ કરનાર બે મિત્રો પ્રણવ દેસાઈ અને દીપ ભુવા દ્વારા "રીકો સોલ્યુશન" નામનું સ્ટાર્ટઅપ ૨૦૧૯માં શરૂ કરવામાં આવ્યું હતું જેનો ઉદ્દેશ સમાજમાં દરેક સ્તરે વપરાતા પ્લાસ્ટિકમાંથી પેદા થતાં વેસ્ટને રિસાયકલ કરીને તે પ્લાસ્ટિકને ફરી ઉપયોગમાં લેવું જેથી જમીનમાં તે ના જાય અને ધરતીને નુકસાન ના પંહોચાડે. આ બે યુવાનો પૈકી સે. ૨૨માં રહેતા પ્રણવ દેસાઈ જીપીસીબીના નિવૃત અધિકારી રાજેશ દેસાઈના પુત્ર અને સેન્ટ ઝેવિયર્સ સ્કુલના 'લતા ટીચર' તરીકે જાણીતા સુર્વણલતા દેસાઈના પૌત્ર છે. તેમની સાથે કુડાસણ રહેતાં દીપ ભુવા જેઓ જેતપુર તાલુકાના ખારચીયા ગામના યોગેશ ભુવા નામના ખેડૂત પિતાના પુત્ર છે જેઓ ગાંધીનગરમાં પોતાના કાકાના ઘરે રહીને અભ્યાસ કરતા હતાં. તેમણે ગુજરાત યુનિવર્સિટીના સ્ટાર્ટઅપ સેલમાંથી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલીસી અંતર્ગત પ્રોજેક્ટ માટે પ્રપોઝ કરીને રૂ.૧ લાખની સહાય મેળવી હતી જેમાંથી તેમણે દીપના કાકાએ તેમની સે.૨૬ની જીઆઈડીસી ખાતે જે ફેક્ટરીમાં જગ્યા આપતા તેમાં પ્લાસ્ટિકને ટુકડાં કરવાનું શ્રેડર મશીન વિકસાવીને તેને ઓનલાઈન વેચવા મુક્યું અને તેને મળેલા પ્રતિભાવને આધારે આ સહિત પ્લાસ્ટિકને પીગળાવવાનું મોલ્ડિંગ મશીન અને શીટ પ્રેસ મશીન જેવાં વિવિધ કેટગરીના મશીનો બનાવવાનું શરૂ કરીને પોતાનો વ્યવસાય સેટ કર્યો છે. તેમનું એક મશીન માઉન્ટ એવરેસ્ટના બેઝ કેમ્પ પર પણ કાઠમંડુની સંસ્થા ટ્રાઈહૉટના સહકારથી પ્લાસ્ટિક કચરાને રીસાયકલ કરવાનું કામ કરી રહ્યું છે.



આ બંને મિત્રો હજુ અત્યારે માત્ર ૨૪ વર્ષની વયના છે અને તેઓ કોલેજ કાળમાં ભારત સરકારના માનવ સંશાધન વિભાગના સ્વચ્છતા અભિયાનમાં ૧૦૦ કલાકની સેવામાં જોડાયાં હતાં જે દરમ્યાન અંબાપુરની વાવ તથા તળાવની સફાઈ દરમ્યાન નિકળેલાં પ્લાસ્ટિક વેસ્ટના ખડકલાને નિહાળીને તેમને પ્લાસ્ટિકના વેસ્ટને રિસાયકલ કરીને ઉપયોગી ચીજવસ્તુઓ બનાવવાના પ્રોજેક્ટનો વિચાર સ્ફુર્યો હતો. શરૂઆતમાં ઘરે ઘરે અને રેસ્ટોરન્ટ-ઓફિસો વગેરેમાં ફરી ફરી પ્લાસ્ટિક વેસ્ટ એકઠો કરતા અને આજે મોટી ફેક્ટરીઓમાંથી પ્લાસ્ટિક વેસ્ટ ખરીદીને તેઓ વિવિધ ચીજ વસ્તુઓ બનાવવાનું શરૂ કર્યુ જેમાં છોડ વાવવાના કુંડા, ઘડિયાળ, ગાર્ડન બેંચ, ગાર્ડન સ્ટુલ્સ, નાના પૉટ, રાઈટીંગ પેડ અને બાળકો માટે જ્વેલરી અને ગેમ્સ વગેરેનો સમાવેશ થાય છે. આ કાર્ય માટે તેમણે એસ્ટ્રલ પાઈપ્સ કંપનીના સીએસઆર એસ્ટ્રાલ ફાઉન્ડેશન થકી ગાંધીનગર મહાનગરપાલિકા સાથે એમઓયુ કર્યા જે અંતર્ગત તેમને મહાનગરપાલિકા શહેરમાંથી એકત્ર કરાયેલો જેટલો પ્લાસ્ટિક વેસ્ટ શોર્ટિંગ કરીને પુરો પાડે છે તેટલાં જ વજનની ચીજવસ્તુઓ તેઓ બનાવીને પરત આપે છે જે વસ્તુઓ મહાનગરપાલિકા દ્વારા સે.૨૧ ખાતેની નર્સરીમાં નાગરિકોને પ્લાસ્ટિક કચરો જમા કરાવવાની સામે પ્રોત્સાહન રૂપે આપવામાં આવે છે. આ રીતે ગાંધીનગર શહેરના મોટાભાગના પ્લાસ્ટિક વેસ્ટને રીસાયકલ કરવામાં તેઓ મદદરૂપ બની રહ્યાં છે અને તેમને આ વસ્તુઓ બનાવવાનું મહેનતાણું એસ્ટ્રલ ફાઉન્ડેશન દ્વારા ચુકવાય છે.




જાણીતા આઈપીએસ અધિકારી સુધા પાંડે પર્યાવરણપ્રેમી છે અને તેમની મીઆવાકી ફોરેસ્ટના એક પ્રોજેક્ટ દરમ્યાન આ યુવાનો સાથે મુલાકાત થઈ અને તેઓ આ પ્રોજેક્ટથી પ્રભાવિત થયાં અને તેમની મદદથી આજે બંને મિત્રો ગુજરાત પોલીસના ભચાઉ, ગોધરા અને રાજકોટ એસઆરપી યુનિટના પ્લાસ્ટિક વેસ્ટમાંથી ગાર્ડન બેન્ચ બનાવી આપે છે. આ કામ માટે તેમને એકલાં ભચાઉ એસઆરપી યુનિટમાંથી જ મહિને આશરે ૨૫૦કિલોથી વધુ પ્લાસ્ટિક વેસ્ટ પ્રાપ્ત થાય છે. આ બંને યુવાનો સોશિયલ મિડીયા થકી "પ્રોજેક્ટ અમદાવાદ" અને યુથ ઈક્લુઝન નેટવર્ક "યિન" સાથે પણ જોડાયેલાં છે અને હવે તેમનું લક્ષ્ય માઉન્ટ આબુ ઉપરાંત દાંડી સહિતના ગુજરાતના પ્રવાસન સ્થળો પર નાના રીસાયકલ યુનિટ્સ સેટ કરીને પ્લાસ્ટિક વેસ્ટને રીસાયકલ કરવાનું છે. આ માટે તેઓ "ફાઈવ-આર" થીયરી પર કામ કરી રહ્યાં છે જેમાં "રીફ્યુઝ, રીડ્યુસ, રીયુઝ, રીપર્પઝ અને રીસાયકલ" જેનો મતલબ પ્લાસ્ટિકના વપરાશને કેવી રીતે ટાળવું, પ્લાસ્ટિક કચરો ઘટાડવો, વપરાયેલા પ્લાસ્ટિકને ફરી ઉપયોગમાં લેવું, તેનો વૈકલ્પિક ઉપયોગ કરવો અને આ બધું શક્ય ના બને તો તેને રીસાયકલ કરવું તેનો સમાવેશ થાય છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com